# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૩૪૦ | ૨૧ ફેબ્રુઆરી, ૨૦૧૯, ગુરૂવાર; મહા વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સાઉદી પ્રિન્સની મુલાકાત**

# આતંકવાદ મુદ્દે 'હમ સાથ-સાથ હૈ'

**દરેક પ્રકારના સહકાર માટે સાઉદી તૈયાર : ત્રાસવાદ સામે જંગમાં સાઉદી પણ સાથે છે : ક્રાઉન પ્રિન્સ : વડાપ્રધાન મોદીની સાથે વિવિધ મુદ્દા ઉપર ચર્ચા : કાઉન્ટર ટેરેરિઝમ, દરિયાઈ સુરક્ષા, સાયબર સિક્યુરિટી પર ચર્ચા**



નવી દિલ્હી, તા. ૨૦

પુલવામામાં આતંકવાદી હુમલાને લઈને દુનિયાભરના મહત્વપૂર્ણ દેશો તરફથી ભારતને ટેકો મળી રહ્યો છે. હવે સાઉદી અરબે પણ આતંકવાદ સામેના જંગમાં ભારતનો સાથ આપવાની વાત કરી છે. સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાને આતંકવાદના મામલા પર આજે કહ્યું હતું કે, અમે ભારતની સાથે દરેક પ્રકારના સહકાર માટે તૈયાર છીએ. સલમાને કહ્યું હતું કે, અમે ઈન્ટેલીજન્સથી લઈને અન્ય ચીજો સુધી સાથ આપવા માટે તૈયાર છીએ. આ પહેલા વડાપ્રધાન મોદીએ પુલવામા હુમલાનો ઉલ્લેખ કરીને કહ્યું હતું કે, આ હુમલો દુનિયામાં છવાયેલા આતંકવાદી ખતરાના બર્બરતાની નિશાની છે. મોદીએ કહ્યું હતું કે, અમે આ બાબત ઉપર સહમત છીએ કે આતંકવાદને સમર્થન આપી રહેલા દેશો ઉપર દબાણ લાવવામાં આવે તે જરૂરી છે. આતંકવાદની સામે મજબૂત કાર્યયોજનાની જરૂર દેખાઈ રહી છે. ત્રાસવાદી તાકાતો યુવાનોને ગેરમાર્ગે ન દોરી શકે તે માટે પગલા લેવાની જરૂર છે. મોદીએ કહ્યું હતું કે, સાઉદી અરબ અને અમે આ સંબંધમાં એક સમાન અભિપ્રાય ધરાવીએ છીએ. કાઉન્ટર ટેરેરિઝમ, દરિયાઈ સુરક્ષા અને સાયબર સિક્યુરિટીના ક્ષેત્રમાં બંને દેશો વચ્ચે સંબંધ વધારે મજબૂત થશે. અમારા આમંત્રણને સ્વીકાર કરવા બદલ તેઓ ક્રાઉન પ્રિન્સનો આભાર માને છે. ક્રાઉન પ્રિન્સે કહ્યું હતું કે, તેઓ પ્રથમ વખત ભારત આવ્યા છે. પ્રતિનિધિમંડળ સાથે તેઓ પ્રથમ વખત આવ્યા છે. અમારા સંબંધો હજારો વર્ષો જુના છે. છેલ્લા ૫૦ વર્ષમાં સંબંધો વધારે

● અનુસંધાન પાન-૭ પર

## સાઉદીના પ્રિન્સને ગળે મળવા મુદ્દે કોંગ્રેસની નારાજગી



નવીદિલ્હી, તા. ૨૦

કોંગ્રેસે સાઉદી અરબના યુવરાજ મોહમ્મદ બિન સલમાનના પ્રોટોકોલથી અલગ થઈને જવાના મુદ્દે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આજે ટિકા કરી હતી અને કહ્યું હતું કે, પાકિસ્તાનની મદદ સાઉદી દ્વારા કરવામાં આવી રહી છે. આતંકવાદ વિરોધી પ્રયાસોની પ્રશંસા કરનાર લોકોને ગળે લગાવીને શહીદોને યાદ કરવામાં આવી રહ્યા છે. વડાપ્રધાન સાઉદી અરબને કહી રહ્યા છે કે, તેઓ આતંકવાદ વિરોધી લડાઈને લઈને પાકિસ્તાનની પ્રશંસા કરનાર સંયુક્ત નિવેદનથી પોતાને અલગ કરે. કોંગ્રેસના મુખ્ય પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ બિન સલમાન અને મોદીના ગળે લાગનાર ફોટો અને પાકિસ્તાન-સાઉદી નિવેદનને પણ ટિપ્પણી કરી છે. સુરજેવાલાએ કહ્યું છે કે, મોદી સાઉદી અરેબિયાને શું કહેવા માંગે છે તે કોઈને સમજાઈ રહ્યું નથી.

# મસુદના મામલે ફ્રાન્સ, બ્રિટન ભારતની પડખે

**વિશ્વના દેશો ભારતની સાથે આવી રહ્યા છે : ભારતમાં અનેક હુમલા માટે જવાબદાર કુખ્યાત ત્રાસવાદી મસુદ પર પ્રતિબંધ મુકવા ફ્રાન્સ સહિતના દેશોની માંગણી**

નવી દિલ્હી,તા. ૨૦

પુલવામા ખાતે સીઆરપીએફ પર કરવામાં આવેલા ભીષણ ત્રાસવાદી હુમલા બાદ હવે ત્રાસવાદી સંગઠન જેશે મોહમ્મદના લીડર કુખ્યાત અઝહર મસુદની સામે કાર્યવાહી કરવાની માંગ વચ્ચે આંતરરાષ્ટ્રીય સ્તર પર ભારતને ટેકો મળી રહ્યો છે. ખતરનાક મુસદ અઝહર પર પ્રતિબંધ મુકવા માટે ફ્રાન્સ, બ્રિટન સહિતના દેશોએ ભારતની માંગ સાથે સમર્થન દર્શાવ્યુ છે. ભારતને મોટી રાજદ્વારી મદદ કરીને ફ્રાન્સે મસુદ પર પ્રતિબંધ મુકવા માટેની દરખાસ્તને સંયુક્ત રાષ્ટ્રમાં રજૂ કરવાનો નિર્ણય કર્યો છે. સાથે સાથે ફાયનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સની બેઠકમાં પાકિસ્તાનને ગ્રે લિસ્ટમાં સામેલ કરવાની માંગ કરી છે. આ પ્રસ્તાવને અમેરિકા અને બ્રિટને ટેકો આપવાનો નિર્ણય કર્યો છે. પુલવામા ખાતે ગયા ગુરૂવારના દિવસે કરવામાં આવેલા હુમલામાં ૪૦ જવાનો શહીદ થયા હતા. ફ્રાન્સના પ્રમુખ ઈમેનુએલ મેક્રોના રાજકીય સલાહકાર ફિલિપે એટિયન મંગળવારના દિવસે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત દોભાલ સાથે વાતચીત કરી છે. ફ્રાન્સના રાજદ્વારી સુત્રોએ કહ્યુ છે કે કોઈ એક દેશ તરફથી તેમની દરખાસ્તને બ્લોક કરવા માટેના પ્રયાસ કરવામાં આવી શકે છે. જો કે કુખ્યાત મસુદ અઝહર પર પ્રતિબંધ મુકવા માટેના પગલા

## ન્યુઝ ટ્રેક

**હિમાચલ પ્રદેશમાં હિમસ્ખલન**

હિમાચલ પ્રદેશના કિન્નોર જિલ્લામાં હિમસ્ખલન થયું છે. જેમાં સેનાના એક જવાનનું મૃત્યુ નીપજ્યુ છે. પાંચ જવાનો તેમાં ફસાયેલા હોવાનું અનુમાન છે. બચાવ અને રાહત કામગીરી શરૂ કરી દેવાઈ છે.

**પુલવામાં મામલે કેસ દાખલ**

રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઈએ)એ ૧૪ ફેબ્રુઆરીના રોજ પુલવામામાં થયેલા આતંકવાદી હુમલાની તપાસ શરૂ કરી છે. આ મામલે પુનઃ કેસ દાખલ કરવામાં આવ્યો છે. એનઆઈએની ૧૨ સભ્યોની ટીમ ફોરેન્સિક સાયન્સના નિષ્ણાતો સાથે તપાસ કરી રહી છે

# અનિલ અંબાણીને ફટકો

**તિરસ્કારના કેસમાં દોષિત ઘોષિત : ચાર સપ્તાહમાં ૪૫૩ કરોડ રૂપિયા એરિક્શનને ચુકવવા હુકમ : ૪ સપ્તાહમાં ૪૫૩ કરોડ રૂપિયા નહીં ચુકવાય તો અનિલ અંબાણીને જેલમાં જવું પડશે**

નવી દિલ્હી,તા. ૨૦

રિલાયન્સ ગ્રુપના પ્રમુખ અનિલ અંબાણીને સુપ્રીમ કોર્ટે આજે મોટો ફટકો આપ્યો હતો. અનિલ અંબાણીને પોતાની કંપની ગ્રુપના બે ડિરેક્ટરો સાથે હવે જેલમાં જવું પડી શકે છે. સુપ્રીમ કોર્ટે એરિક્શન ઈન્ડિયાની અરજી ઉપર અનિલ અંબાણીને તિરસ્કારના મામલામાં દોષિત ઠેરવવામાં આવ્યા છે. તિરસ્કારના મામલામાં દોષિત ઠેરવવામાં આવ્યા બાદ તેમને જંગી દંડ પણ ફટકારવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટે અંબાણી ઉપરાંત રિલાયન્સ ટેલિકોમના અધ્યક્ષ સતીષ શેઠ અને રિલાયન્સ ઈન્ફ્રાટેલના અધ્યક્ષ છાયા વિરાણીને કોર્ટમાં આપવામાં આવેલા નિવેદનો,



ખાતરી અને તેની સાથે જોડાયેલા આદેશોના ભંગના મામલામાં દોષિત ઠેરવવામાં આવ્યા છે. કોર્ટે આક્રમક વલણ અપનાવીને ચાર સપ્તાહની અંદર ૪૫૩ કરોડ રૂપિયા એરિક્શનને ચુકવી દેવાનો આદેશ કર્યો છે. નિશ્ચિત સમયની અંદર નાણા નહીં ચુકવવાની સ્થિતિમાં તેમને જેલ જવાની જરૂર પડશે. સમગ્ર મામલો ૫૫૦ કરોડ રૂપિયાની બાકી રકમ સાથે સંબંધિત છે. અનિલ ધીરુભાઈ અંબાણી ગ્રુપના અધ્યક્ષ અનિલ અંબાણી અને અન્યોની સામે ચુકવણી નહીં કરવા ઉપર ટેલિકોમ સાધન બનાવનાર કંપની એરિક્શને સુપ્રીમ કોર્ટમાં ત્રણ અરજીઓ દાખલ કરી હતી. જસ્ટિસ આરએફ નરિમન અને જસ્ટિસ વિનીત શરણની બેંચે આ ચુકાદો આપતા કહ્યું હતું કે, અંબાણી અને અન્યોને તિરસ્કારથી બચાવવા માટે એરિક્શનને ચાર સપ્તાહની અંદર ૪૫૩ કરોડ રૂપિયા ચુકવવા પડશે.

● અનુસંધાન પાન-૭ પર

# સુપ્રીમમાં અયોધ્યા કેસની સુનાવણી હવે ૨૬મીથી

**જસ્ટિસ બોબડે રજા પરથી પરત ફરતા સુનાવણી કરવામાં આવશે : પાંચ જજની બંધારણીય બેંચ દ્વારા હવે મામલામાં સુનાવણી કરાશે : વારંવાર સુનાવણી ટળી જતાં હિન્દુ સંગઠનો અને સાધુ-સંતો હાલમાં ભારે નારાજ છે**

નવી દિલ્હી,તા. ૨૦

અયોધ્યા વિવાદાસ્પદ મામલામાં સુપ્રીમ કોર્ટમાં ૨૬મી ફેબ્રુઆરીના દિવસે સુનાવણી થશે. ચીફ જસ્ટિસ રંજન ગોગોઈના નેતૃત્વમાં સુપ્રીમ કોર્ટના પાંચ જજની બંધારણીય બેંચ આ મામલાની સુનાવણી કરશે. સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ટળી ગયા બાદ સાધુ સંતોએ નારાજગી વ્યક્ત કરી હતી. જસ્ટિસ યુયુ લલિતે મામલાની સુનાવણીથી પોતાને અલગ કરી લેતા નવી બેંચની રચના કરવામાં આવી છે. ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ, જસ્ટિસ એસએ બોબડે, જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ, જસ્ટિસ અશોક ભૂષણ અને જસ્ટિસ અબ્દુલ નઝીરની બંધારણીય બેંચ આ મામલામાં સુનાવણી કરશે. ૨૭મી જાન્યુઆરીના દિવસે સુપ્રીમ કોર્ટના એડિશનલ રજિસ્ટ્રાર લિસ્ટિંગ તરફથી જારી કરવામાં આવેલી નોટિસ મુજબ બંધારણીય બેંચમાં સામેલ જસ્ટિસ બોબડે ઉપસ્થિત નહીં હોવાના કારણે ૨૯મી જાન્યુઆરીએ સુનાવણી ટળી ગઈ હતી. અલ્હાબાદ હાઈકોર્ટના ૩૦મી સપ્ટેમ્બર ૨૦૧૦ના ચુકાદા સામે સુપ્રીમ કોર્ટમાં ૧૪ અરજી દાખલ કરવામાં આવી છે. હાઈકોર્ટે વિવાદાસ્પદ ૨.૭૭ એકરની જમીનને સુન્ની વક્ફ બોર્ડ, નિરમોહી અખાડા અને રામલલ્લા વિરાજમાનને એક સમાનરીતે વહેંચી દીધી હતી. સમગ્ર મામલામાં વારંવાર સુનાવણી ટળતી રહી છે. અયોધ્યા મામલાને બંધારણીય બેંચની પાસે મોકલવાનો સુપ્રીમ કોર્ટે ઈન્કાર કરી દીધા બાદ સુનાવણીને લઈને તમામની નજર આના ઉપર કેન્દ્રિત થઈ ગઈ છે. મુસ્લિમ પાર્ટીઓ તરફથી એવી દલીલ કરવામાં આવી હતી કે, ૧૯૮૪માં ઈસ્માઈલ ફારુકી કેસમાં સુપ્રીમ કોર્ટે પોતાના જજમેન્ટમાં કહ્યું હતું કે, મસ્જિદમાં નમાઝ અદા કરવાની બાબત ઈસ્લામનો કોઈ ભાગ નથી. આવી સ્થિતિમાં આ ચુકાદાને ફરી એકવાર ધ્યાનથી જોવાની જરૂર દેખાઈ રહી છે જેથી આ મામલાને પહેલા બંધારણીય બેંચને મોકલવાની રજૂઆત કરવામાં આવી હતી.

## પુલવામા હુમલા મામલે ભારત પુરાવા નહીં આપે, પાકિસ્તાનને બેનકાબ કરશે

ન્યુ દિલ્હી,તા.૨૦

પુલવામા આતંકી હુમલા બાદ ભારતે પાકિસ્તાનને ચારે બાજુથી ઘેરવાના પ્રયાસો શરૂ કર્યા છે. તે પછી કૂટનીતિ રીતે હોય કે પછી સીધો જ આતંકીઓને જડબાતોડ જવાબ આપવાની વાત હોય. ભારતની આ નીતિમાં વિશ્વના અનેક દેશો સાથ આપવા તૈયાર છે. બુધવારે ગૃહમંત્રી રાજનાથ સિંહે અમેરિકામાં ફરજ બજાવતા ભારતીય રાજદૂત અને પાકિસ્તાનમાં ભારતીય રાજૂદત સાથે પણ મુલાકાત કરી હતી. આ મુલાકાત પછી એવા સંકેત મળ્યા છે કે, ભારત પાકિસ્તાનને હુમલાના કોઈ પુરાવા નહીં આવે અને દુનિયાની સામે જ તેની પોલ ખોલશે.

રાજનાથને મળ્યાં અજય બિસારિયાઃ પાકિસ્તાનમાં ભારતના ઉચ્ચાયુક્ત અજય બિસારિયાએ બુધવારે નવી દિલ્હીમાં ગૃહમંત્રી રાજનાથ સિંહ સાથે મુલાકાત કરી હતી. અજય બિસારિયા પુલવામા હુમલા બાદથી નવી દિલ્હીમાં જ છે.

હર્ષવર્ધન સિંગલા સાથે રાજનાથ સિંહની મુલાકાતઃ અજય બિસારિયા ઉપરાંત અમેરિકામાં ભારતના રાજદૂત હર્ષવર્ધન સિંગલાએ પણ ગૃહમંત્રી રાજનાથ સિંહ સાથે મુલાકાત કરી હતી. મંગળવારે જ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પુલવામા હુમલાની નિંદા કરી છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે ભારત આંતરરાષ્ટ્રીય સ્તરે પાકિસ્તાનને ઘેરશે. તે માટે ગૃહ મંત્રાલય નવું ડોઝિયર બનાવી રહ્યા છે. જે દરેક દેશોમાં હાજર ભારતના દૂતાવાસને મોકલવામાં આવશે. આ ડોઝિયર પ્રમાણે વિદેશમાં ભારતના રાજદૂત પાકિસ્તાનની પોલ ખોલશે. અજય બિસારિયા સાથે થયેલી મુલાકાત પછી આ સંકેત મળી રહ્યાં છે. અજય બિસારિયાએ નવી દિલ્હીમાં કેબિનેટના સભ્યો સાથે બેઠક કરી હતી. પાકિસ્તાનમાં ભારતના હાઈ કમિશ્નર અજય બિસાકિયા કેબિનેટ કમિટી ઓન સિક્યોરિટીને મળીને તેમને હાલના સંજોગોની માહિતી પણ આપી છે. વડાપ્રધાન સાથે પણ તેમની મુલાકાત થઈ ગઈ છે. ભારત પાકિસ્તાનને કોઈ પુરાવા નહીં આવે અને તેની દુનિયાની સામે પોલ ખોલશે. ભારતની પાસે પાકિસ્તાન વિરુદ્ધ પૂરતા પુરાવા છે.

# દિલ્હી-એનસીઆરમાં હળવા ધરતીકંપના આંચકા

**ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૬ ડિગ્રી : હાલના સમયમાં વારંવાર ધરતીકંપના પરિણામ વૈજ્ઞાનિક ચિંતાતુર : સવારમાં આઠ વાગે આંચકાથી દહેશત**

નવી દિલ્હી,તા. ૨૦

રાષ્ટ્રીય પાટનગર દિલ્હી સહિત સમગ્ર ઉત્તર ભારતમાં આજે સવારે ધરતીકંપનો આંચકો અનુભવાયો હતો. ધરતીકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૬ નોંધાઈ હોવાનુ જાણવા મળ્યુ છે. ભૂકંપના કારણે જાનમાલનુ કોઈ નુકસાન થયુ નથી. ઉત્તરપ્રદેશના મેરઠ સુધી ધરતીંપના આંચકા અનુભવાયા હતા. થોડાક દિવસ પહેલા જમ્મુ કાશ્મીર સહિત ઉત્તર ભારતમાં આંચકા આવ્યા હતા. ભૂકંપના આંચકા બાદ લોકો પોત પોતાના ઘરથી બહાર દોડી આવ્યા હતા. લોકોએ સોશિયલ મીડિયા પર ભૂકંપથી સુરક્ષિત રહેવા માટે સૂચન કરતા પણ નજરે પડ્યા હતા. ભારતમાં હાલના વર્ષોમાં અનેક વખત તીવ્ર આંચકા અનુભવાઈ ચુકયા છે. આવી સ્થિતિમાં વૈજ્ઞાનિકો દ્વારા અભ્યાસની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી છે. દિલ્હી અને એનસીઆરમાં આવેલા આંચકા બાદ તમામ લોકો સગા સંબંધીઓ સાથે વાતચીત કરતા નજરે પડ્યા હતા. સાંજનો સમય



હોવાથી લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં પણ લોકોએ આંચકો અનુભવ્યો હતો.દિલ્હી અને એનસીઆરમાં બીજી ફેબ્રુઆરીના દિવસે સાંજે ભૂકંપના આંચકાના કારણે લોકોમાં અફડાતફડી મચી ગઈ હતી. લોકો પોતાના ઘરમાં અને બીજા સ્થળો ઉપર હતા ત્યારે આંચકાનો અનુભવ થયો હતો.

દુનિયાભરમાં ભૂકંપની માહિતી રાખનાર સ્વતંત્ર સંસ્થાના કહેવા મુજબ ભુકંપની તીવ્રતા ૫.૭ આંકવામાં આવી હતી. દિલ્હી ઉપરાંત આસપાસના તમામ વિસ્તારો, શ્રીનગર, ઈસ્લામાબાદ, પેશાવરમાં પણ આંચકાનો અનુભવ થયો હતો. પાકિસ્તાનમાં ૬.૧ની તીવ્રતા અનુભવાઈ હતી. રાષ્ટ્રીય પાટનગર સહિત ઉત્તર ભારતના કેટલાક ભાગોમાં આની તીવ્રતા ૫.૭ આંકવામાં આવી હતી.

## ભારત-પાક મેચને મામલે દુબઈમાં ચર્ચા કરાશે

નવી દિલ્હી, તા. ૨૦

પુલવામામાં થયેલા ત્રાસવાદી હુમલા બાદથી વર્લ્ડકપમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે મેચ નહીં રમવાની માંગ લાંબા સમયથી ઉઠી રહી છે. આ માંગણીને કેટલાક સંગઠનો અને ખેલાડી પણ ટેકો આપી રહ્યા છે. હવે માન્ચેસ્ટરમાં રમાનારી બંને ટીમોની મેચને લઈને આઈસીસીની બેઠક દુબઈમાં યોજાનાર છે. આ મહિનાની ૨૭મી તારીખે આ બેઠક યોજાનાર છે. સુત્રોનું કહેવું છે કે, આ મુદ્દા ઉપર પણ ચર્ચા થશે. જો કે, આઈસીસીના સીઈઓ દ્વારા સમયની વાત કરીને કાર્યક્રમમાં કોઈ ફેરફાર કરવાનો ઈન્કાર કરી દીધો છે. ૨૭મી ફેબ્રુઆરીના દિવસે યોજાનારી આઈસીસી બેઠકમાં વર્લ્ડકપની સાથે આંતરરાષ્ટ્રીય ક્રિકેટના અનેક મુદ્દા ઉપર ચર્ચા થનાર છે.




